# નવા આગેવાનોને ઈસુની જેમ માર્ગ બતાવવા બાપની માફક નવા તાલિમાર્થીઓને તૈયાર કરવા.

*બાળકોને શિખવનારે સ્ટડી વાંચી જવો.*

**૧. પ્રાર્થના અને દેવના વચન દ્વારા નવા તાલિમાર્થી આગેવાનોને તૈયાર કરો.**

**પ્રાર્થના :** ''આકાશમાંના પિતા, તમારા પુત્ર પ્રભુ ઈસુએ નવા આગેવાનોને તૈયાર કર્યા અને અમને તેમ કરતા શિખવ્યું. તેમના પ્રેરિત પાઉલે પણ અમને તેનો નમૂનો આપ્યો. નવી મંડળીઓ અને જૂથોમાં સેવા કરવા માટે નવા આગેવાનોને તાલિમ આપવા અમને શક્તિ અને બળ આપો.''



**માર્ક ૬:૧-૬**માં ઈસુએ મોટા ટોળાને શિક્ષણ આપ્યું ત્યારે શું થયું તે શોધો.

- લોકોએ ઈસુના સંદેશાનો કેવો પ્રતિસાદ આપ્યો ? *(ક. ૨ તેઓએ આશ્ચર્યથી સાંભળ્યું )*
- ઈસુનું સાંભળ્યા પછી કેટલાંકનો પ્રત્યુત્તર કેવો હતો ? *(ક. ૩ પ્રમાણે વિરોધ સાથે, ક. ૬ પ્રમાણે અવિશ્વાસ)*

**માર્ક ૬:૭-૧૩** ઈસુએ નવા આગેવાનોને નાના ગ્રુપમાં કેવી રીતે તૈયાર કર્યા ?

- તાલિમ જૂથો કેટલા મોટા હતા ? *(બે -બેના ગ્રુપમાં કુલ બાર હતા ક. ૭)*
- પોતાના તાલિમાર્થીઓ વડે ઈસુએ શું કર્યું ? *(તેમણે કામ કરવા માટેનો અધિકાર તેમને આપ્યો. ક. ૭ તેમણે કઈ રીતે કામ કરવું તેની સૂચનાઓ આપી. ક. ૮)*
- ઈસુના તાલિમાર્થીઓએ બીજાની સંભાળ લેવાનું કેટલું જલ્દી શરૂ કર્યું ? *(તરત જ ક. ૧૨)*
- તે પ્રથમ મુસાફરી વખતે ઈસુના તાલિમાર્થીઓએ કેવા કામો કર્યા ? *(સુવાર્તા પ્રચાર, સાજાપણું)*
- ઈસુએ શું તેમને આર્થિક મદદ કરી ? *(ના, તેમણે તેમને કોઈ સામાન સાથે લેવાની ના પાડી. ક. ૮)*
- પોતે જે શિખ્યા તે શિષ્યોએ ક્યાં અમલમાં મૂક્યું ? *(ગામોમાં અને ઘરોમાં)*

**માર્ક ૬:૩૦-૩૨.** જ્યારે ઈસુના તાલિમાર્થીઓ પાછા ફર્યા ત્યારે શું બન્યું તે જૂઓ.

- તેઓએ ઈસુને કેવો રીપોર્ટ આપ્યો ? *(તેઓએ જે કર્યું અને શિખવ્યું તે વિષે)*
- ઈસુએ તેમની વાત સાંભળી પછી તેઓ ક્યાં ગયા ? *(તેઓએ નક્કી કરેલી જગાએ આરામ માટે ગયા.)*

**ઈસુની શિક્ષણ પદ્ધતિઓના પાંચ સિદ્ધાંતો**

- મોટા ગ્રુપને શિખવવું પૂરતું નથી. તમારે નાના ગ્રુપો બનાવીને તેઓનું ટોળું શું કરે છે તે સાંભળવું જરૂરી છે.
- જેઓ પોતાની તાલિમ તરત જ કાર્યમાં અમલમાં મૂકે તેવા ટોળાને તાલિમ આપો.
- તાલિમાર્થીઓને પોતાનું કાર્ય કરવાનો અધિકાર આપો. અને કેવી રીતે અને ક્યાં કામ કરવું તેની સૂચના આપો.
- તેઓ થોડું કાર્ય કરે પછી તેઓએ શું કર્યું અનેકહ્યું તેનો રીપોર્ટ તેમની પાસેથી મેળવો.

- તેઓની પ્રાસંગિક રીટ્રીટ ગોઠવો કે જ્યાં તેઓ આરામ કરી શકે અને વધારે શિખી શકે.

**૨. તિમોથી ૨:૧-૨**માં શિખો- કોણે કોને તાલિમ આપવી.

- પાઉલનો તિમોથી સાથેનો સબંધ વર્ણવો.
- (તે બાપ દિકરાને તૈયાર કરે તેવો સંબંધ હતો)
- પાઉલે કોને તૈયાર કર્યા ?
- (તિમોથી અને બીજા ઘણાં જેવા કે સિલાસઅને તિતસ)
- તિમોથીએ કોને તાલિમ આપવાની હતી ?(વિશ્વાસુ કાર્યકરોને)
- એ વિશ્વાસુ કાર્યકરોએ કોને તૈયાર કરવાના હતા ? (બીજાઓને)
- તાલિમ સાંકળમાં કેટલી કડીઓ છે ?
- (ચાર, પાઉલ, તિમોથી, વિશ્વાસુ માણસો, અન્ય)

**કોલોસી ૧ : ૧-૯** અને **૪ : ૧૫-૧૮** પાઉલે કેવી રીતે શીખાઉ  આગેવાનોને તૈયાર કર્યા.

- પાઉલનો મુખ્ય તાલિમાર્થી કોણ હતો ? (તિમોથી ક.૧)
- પાઉલ અને તિમોથીએ સહકર્મી તરીકે કોને તૈયાર કર્યો ? (એપાફ્રાસ ક.૭)
- કલોસેના વિશ્વાસીઓને કોણે શિક્ષણ આપ્યું ? (ક.૭ એપાફ્રાસ. તેણે કલોસેના વિશ્વાસીઓની વૃધ્ધિ અને જરૂરિયાતનો રીપોર્ટ પાઉલ અને તિમોથીને આપ્યો)
- પાઉલ અને તિમોથીએ કલોસેના વિશ્વાસીઓના પત્રો સિવાય કઈ રીતે સેવા કરી ? (પ્રાર્થના દ્વારા)

### *પાઉલની તાલિમ પદ્ધતિના છ સિધ્ધાંતો*

- તાલિમ આપનાર અને નવા શિખાઉ આગેવાનો વચ્ચે પિતા પુત્ર જેવા સબંધ હોવા જોઈએ. તમારી જાતિમા આવા સબંધને શું કહે છે ?
- મંડળીઓમાં અને નવી મંડળીઓમાં શિખાઉ તાલિમાર્થીઓને વધારે અનુભવી શિક્ષકોએ તાલિમ આપવી જોઈએ.
- જેઓ તાલિમ પામી રહ્યા છે તેઓએ તરત જ બીજા શિખાઉ કાર્યકરોને તાલિમ આપવાનું શરૂ કરી દેવું જોઈએ.
- તાલિમ લેનારની મુખ્ય લાયકાત વિશ્વાસુપણું છે. અને તેને કારણે જ તે પોતાની તાલિમને પ્રયોગરૂપ અમલમાં મૂકી શકે છે.
- પોતાના તાલિમાર્થીની મંડળી વિષે તાલિમ આપનાર જાણી શકે છે અને પ્રાર્થના કરી શકે છે.
- મંડળીઓ અને તેમના આગેવાનોની જરૂરિયાતો માટે તાલિમ આપનાર તાલિમ સામગ્રી લખી આપે છે.

## ૨. સાથીદારો સાથે અઠવાડીયાની પ્રવૃત્તિઓનું આયોજન

તમારા તાલિમાર્થીઓ બીજા નવા આગેવાનોને તૈયાર કરે તેવી વ્યવસ્થા ગોઠવો અને આ સ્ટડીની કોપીઓ તેમને આપો.

કૌટુંબિક મુખ્ય વ્યક્તિઓની મુલાકાલો લો. તેઓ પ્રાર્થના અને ભજન સહિત પોતાના કુટુંબની સંભાળ લે તેવી તાલિમ તેમને આપવાનું શરૂ કરો.

સુવાર્તા ક્યાં ફેલાઈ રહી છે તે વિષે ચર્ચા કરો. ઘરોમાં ભેગા મળતા જૂથોને કોણ દોરવણી આપી શકે તે નક્કી કરો.

તમારા તાલિમાર્થી જૂથોની જરૂરિયાતો વષે માહિતિ મેળવો અને તેમની મદદ માટે નાના પ્રકારના અભ્યાસો મોકલો.

અભ્યાસક્રમો પ્રાપ્ય બને તે રીતે સંઘરી રાખો. અને કાર્યકરોને આપતા રહો.

### ૩. સાથીદારો સાથે હવેની ભક્તિસભાનું આયોજન

ઈસુએ નવા આગેવાનોને કેવી રીતે તૈયાર કર્યા તે **સમજાવો**. (બાયબલ ભાગો અને ઉપરના પ્રશ્નોના ઉપયોગ કરો.)

પાઉલ અને તિમોથીએ નવા આગેવાનોને કેવી રીતે તૈયાર કર્યા તે સમજાવો. આપણે કેવી રીતે આ કાર્ય કરવાનું છે તેની **ચર્ચા કરો.**

**બાળકો**એ જે તૈયાર કર્યું હોય તે તેમને રજુ કરવા દો.

જે કાર્યકરો નવા આગેવાનોને તાલિમ આપી રહ્યા છે. તેઓ પ્રોગ્રેસ રિપોર્ટ અને જરૂરિયાતો વિષે રિપોર્ટ લખે.

**પ્રભુની મેજ**ની સેવા માટે ગણ.૯:૧-૨ વાંચો. અને તેની સમજૂતી આપો :

- પ્રભુએ પોતાના લોકને ગલામીમાંથી છોડાવ્યાના એક વર્ષ પછી નવા પાળકોએ તેમને પહેલું પાસ્ખાપર્વ પાળવા માટે દોર્યા. હલવાનના લોહી દ્વારા તેમના પ્રથમ જનીતોનો જે બચાવ થયો હતો તેની યાદગીરીમાં તે હતું.
- પ્રભુ ઈસુએ આ પર્વનો નવો અર્થ આપ્યો તે આપણું પાસ્ખાનું હલવાન છે.

બે,ત્રણ કે ચારના ગ્રુપમાં ભેગા થઈને નવા આગેવાનોની તાલિમ માટે અને બીજા નગરોમાં સુવાર્તા પ્રચાર માટે પ્રાર્થના કરો.

શિક્ષકનો સિદ્ધાંત **મુખપાઠ કરો.** ‘‘ જેમ હું ખ્રિસ્તને અનુસરૂં છું તેમ તમે મારૂં અનુસરણ કરો.’’ (૧ કોરીંથ ૧૧ : ૧)

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.